# સંશોધન નિયામકશ્રીની કચેરી,
## યુનિવર્સિટી ભવન
## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

Azadi Ka Amrit Mahotsav

**વિષય : વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન પ્લાન યોજનાઓમાં એરીયર્સના ખર્ચ કરવાની મંજુરીની દરખાસ્ત રજૂ કરતાં પહેલાં જરૂરી આધાર પુરાવાની ચકાસણી કરવા બાબત...**

**પરિપત્ર**

આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વર્ષ દરમ્યાન પ્લાન યોજનાઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓને નિવૃત્તિ સમયે મળવાપાત્ર હક્ક રજાનું રોકડમાં રૂપાંતર, પગાર તફાવતની રકમ, એલ.ટી.સી, ચાર્જ એલાઉન્સ, ઉચ્ચતર પગાર ધોરણ વગેરે એરીયર્સની ખર્ચ કરવાની મંજુરી મેળવવા અંગે અત્રેની કચેરી ખાતે દરખાસ્ત રજુ કરવામાં આવે છે. પરંતુ, કેટલીક કચેરી/કેન્દ્રો તરફથી સદર દરખાસ્તને અગાઉ નિયત કરેલ પ્રફોર્મામાં તથા જરૂરી આધાર પૂરાવા સાથે રજૂ કરવામાં આવતી નથી. તેથી, મંજુરી આપવામાં વિલંબ થાય છે. જેથી, પ્લાન યોજનાઓના નિયંત્રણ અધિકારીએ એરીયર્સ મળવાપાત્ર છે કે કેમ તેની ખરાઈ કરી અને સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવ્યા બાદ તમામ આધાર પુરાવા સહિતની ભૌતિક ચકાસણી કરી ખર્ચ કરવાની મંજુરી અર્થે દરખાસ્ત અત્રેની કચેરીને રજુ કરવાની રહેશે. અત્રેની કચેરીથી આપવામાં આવતી મંજૂરી ફક્ત જે તે વર્ષમાં પગાર-ભથ્થાં સદરે ફાળવેલ કુલ ગ્રાંન્ટની મર્યાદામાં ખર્ચ કરવાની મંજુરી છે. જેથી, એરીયર્સના ચૂકવણા સબંધિત ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થીત થાય અથવા બીજીવાર ચુકવણૂં ન થાય તેની દેખરેખ રાખવાની સઘળી જવાબદારી યોજનાઓના નિયંત્રણ અધિકારીની રહેશે.

જ્યારે, આ પ્રકારના એરિયર્સની મંજુરીની દરખાસ્ત સાથે  અત્રેની કચેરીના તા.૦૭/૦૭/૨૦૨૩ ના પરિપત્રથી માંગવામાં આવેલ પ્લાન યોજનાઓની વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રની માહિતિમાં સામેલ પત્રક-૨ ના કોલમ ૧૩ થી ૧૫ માં એરીયર્સની રકમની જોગવાઈ કરવામાં આવેલ છે કે કેમ? તે અંગે સ્પષ્ટ વિગતો દર્શાવવી. સદર એરીયર્સની રકમની જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવેલ હોય તો, પત્રક-૨ ની નકલ સામેલ રાખી મોકલી આપવી અને જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો તેવા એરીયર્સના કિસ્સામાં યોગ્ય કારણ સાથે મંજુરી અર્થે દરખાસ્ત અત્રેની કચેરીને રજુ કરવાની રહેશે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ, વર્ષ ૨૦૨૪-૨૫માં પ્લાન યોજનાઓમાં એરિયર્સની ખર્ચ કરવાની મંજુરી મેળવવા માટે આ સાથે સામેલ પત્રક-૧ મુજબના નિયત પત્રકમાં જરૂરી આધાર પુરાવાની બે નકલ સાથે દરખાસ્તને અત્રેની કચેરીને રજુ કરવાની રહેશે.

જા.નં.: આકૃયુ/ડીઆર/પ્લાન-૨(૪૩૨)/ ૪૯૨ /૨૪,
તા. ૦૨ /૦૫/૨૦૨૪

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

**નકલ રવાના:-**

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.
(૨) હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
(૩) હિસાબી અધિકારી(પીએફ/પેન્શન), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ

PTO...

E:\KISHOR\2024-25\Arrears 2024-25\Arreas Circular_2024-25.docx

## પત્રક-૧

વિભાગ / કચેરીનું નામ :

પ્લાન યોજનાનું નામ :

| બજેટ સદર | એરીયર્સની વિગત | | | | વર્ષ દરમ્યાન ફાળવેલ ગ્રાન્ટની વિગત | | | | | વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં જોગવાઈ કરેલ છે કે કેમ? (આધાર પુરાવા સામેલ કરવા) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અધિકારી/ કર્મચારીનું નામ અને હોદ્દો | એરીયર્સ ની રકમ | મળવાપાત્ર એરીયર્સની વિગત | એરીયર્સના સમયગાળા ની વિગત | ફાળવેલ ગ્રાન્ટ (રૂા.) | એરીયર્સની દરખાસ્ત કરતી વખતે પગાર ભથ્થા સદરે થયેલ ખર્ચ (રૂા.) | દરખાસ્ત કર્યાબાદ ચાલુ વર્ષના બાકીના સમય માટે હવે પછી થનાર ખર્ચ (રૂા.) | કુલ ગ્રાન્ટની જરૂરિયાત (રૂા.) | વધારાની ગ્રાન્ટની જરૂરિયાત (રૂા.) (૯-૬) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | હા / ના |
| | | | | | | | | | | |

સદર એરિયર્સ સબંધિત જરૂરી આધાર પુરાવાની ભૌતિક ચકાસણી કરવામાં આવેલ છે તેમજ એરિયર્સ મળવાપાત્ર છે, તેની ખરાઈ કરી અને સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવ્યા બાદ પગાર-ભથ્થાં સદરે ફાળવેલ ગ્રાંન્ટમાંથી ખર્ચ કરવાની મંજુરી અર્થે દરખાસ્તને રજુ કરવામાં આવેલ છે.

ઉપાડ અને ચૂકવણા અધિકારી

યુનિટ અધિકારી